હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

ના મમ્મી, મારો પ્રેમ આંધળો નથી હુ તેની સારી પોસ્ટ, ગાડી, બંગલો બધુ જ જોઈ શકુ છું...!!

સેકટર-૬ સંત રોહિદાસ મંદિરના પાર્કિંગમાંથી એકટીવાની ચોરી

ગાંધીનગર, તા.૨૦

શહેરના સેકટર-૬ સંતરોહિદાસ મંદિર ખાતે ખુલ્લી જગ્યામાં પાર્ક કરેલા એકટીવાની ચોરી થવા પામી છે. બપોરે દર્શન કરવા આવેલા યુવકના એકટીવાની ખોવાઈ ગઈ હતી. જયારે સાંજે મંદિરે આવીને જોયુ તો એકટીવા પાર્ક કરેલી જગ્યા પર ન હતું. જેથી યુવકે એકટીવા ચોરી અંગે ફરીયાદ નોંધાવી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ મુળ રાજસ્થાનના અને હાલ સેકટર-૬ ડી મકાન નં.એ-૧૪ સીપીડબલ્યુડી કોલોની ખાતે રહેતા ચુનારામ કિષ્નારામ સોલંકી પરિવાર સાથે રહે છે અને કર્મયોગી ભવન ખાતે ઈન્ડિયન બ્યુરો ઓફ માઈન્સમાં એડમીન તરીકે ફરજ બજાવે છે. જયારે નોકરી આવવા જવા માટે હોન્ડા એકટીવા નં. જી.જે.૧૮.સી.બી.-૨૨૨૨ નો ઉપયોગ કરતો હતો. ગઈકાલે બપોરના સુમારે ચુનારામ એકટીવા લઈ સંત રોહિદાસ મંદિર ખાતે દર્શન કરવા ગયા હતા. તે સમયે એકટીવા મંદિર સામે ખુલ્લી જગ્યામાં પાર્ક કર્યું હતું. ત્યારબાદ દર્શન કરીને પરત ફરતા ચાવી ખોવાઈ ગઈ હતી. જેથી આસપાસના વિસ્તારમાં ચાવીની શોધખોળ કરી હતી. પરંતુ ચાવી મળી આવી ન હતી. જેથી એકટીવા મુકી ચાલતા ઘરે જવા માટે યુવક નીકળી ગયો હતો. જયારે સાંજના ૬ વાગે યુવક રોહિદાસ મંદિરના અંદર કંમ્પાઉન્ડમાં ગયો હતો અને સાડા સાત વાગે પરત આવી જોયુ તો પાર્ક કરેલી જગ્યા પરથી એકટીવા ગાયબ હતું. જેથી આસપાસના સેકટરના વિસ્તારમાં પણ તપાસ કરી હોવા છતા એકટીવા મળી આવ્યું ન હતું. જેથી એકટીવા ચોરી અંગે યુવકે સેકટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે.

ખૂણેખાંચરેથી

● ગાંધીનગર શહેરમાં આજે ગરમીનો પ્રકોપ વધુ હોવાથી નગરજનોએ બહાર નીકળવાનું ટાળ્યુ હતુ.

● ગાંધીનગર સે. ૬માંથી આજે એક એકટીવાની ચોરીની ફરીયાદ સે. ૭ પોલીસમાં નોંધાઈ છે.

● ગાંધીનગર શહેરના સે. ૨૨ના રંગમંચ પર સંગીત અને સહજયોગનો એક વિશિષ્ટ કાર્યક્રમ યોજાયો હતો.

● માણસાના રિદ્રોલ ગામે દુકાનમાંથી તસ્કરો ૪ હજારની રોકડની ચોરી કરી ગયાની ફરિયાદ નોંધાઈ છે.

● ૨૩મી ફેબ્રુઆરીએ કલોલ ખાતે રોજગાર ભરતી મેળો યોજાશે.

● કલોલના ઓલા ગામેથી સોના ચાંદીના દાગીના ચોરી ગઠિયો રફુચક્કર થયાની ફરિયાદ નોંધાઈ છે.

● રાંધેજા ગામે એક ગાડીચાલકે એકટીવાને ટક્કર મારતાં ત્રણ જણા ઈજાગ્રસ્ત થયા હતા.

● દહેગામ તાલુકાના સલકી ગામે સર્જાયેલ માર્ગ અકસ્માતમાં પતિ-પત્નીનું મોત થયુ છે.

● દહેગામના નાંદોલ ગામે ૧૩ ગામ લેઉવા પાટીદાર સમાજ દ્વારા યોજાયેલ ક્રિકેટ ટુર્નામેન્ટના સમાપન સમારોહમાં ભાજપના અગ્રણી હિતેન્દ્રભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

● ગાંધીનગરના શિહોલી મોટી ગામે ઈકો ગાડી ચોરાયાની ફરિયાદ ચિલોડા પોલીસ સ્ટેશને નોંધાઈ છે.

● દેવકરણના મુવાડા ગામ નજીક કારની ટક્કરે રિક્ષા પટલી ખાઈ જતાં એક મહિલાનું મોત થયુ છે.

● દંતાલીમાં જુગાર રમતા ઈસમોને પોલીસે પકડી પાડ્યા છે.

● યુનિ. ફોર ઈનોવેશનનો આજે ૬૬ો પદવીદાન સમારોહ યોજાશે.

● આજે શિક્ષણ વિભાગ દ્વારા માતૃભાષા દિવસની ઉજવણી અમદાવાદ ખાતે થશે અને તેનું બાયસેગના માધ્યમથી રાજયભરની શાળાઓમાં પ્રસારણ થશે.

● સાદરા વિદ્યાપીઠ દ્વારા પ્લાસ્ટિકમુક્તિ અભિયાન આરંભાયુ છે.

● રૂદ્ર પરિવાર વાવોલ દ્વારા શિવરાત્રિના પર્વે વાવોલથી વૈજનાથ મહાદેવ વાસણ સુધીની પદયાત્રા યોજાઈ હતી.

● ગાંધીનગર શહેરમાં સે. ૧૭માં એક્ઝીબીશન સેન્ટરના રોડ પર સ્ટ્રીટલાઈટો સતત બંધ રહેતી હોવાની ફરિયાદ ઉઠી છે.

ચિલોડા પ્રાથમિક શાળામાં વિશ્વ સામાજિક ન્યાય દિવસ અંતર્ગત કાનુની શિક્ષણ શિબિર યોજાઈ

આજે વિશ્વ સામાજિક ન્યાય દિવસ અંતર્ગત ચિલોડા પ્રાથમિક શાળામાં પીએલવી નટુભાઈ પટેલ દ્વારા શિક્ષણ શિબિરમાં બાળકોને સામાજિક ન્યાય અને બાળકોને મૂળભૂત અધિકારો નું વિશેષ મહત્વ વિશે માર્ગદર્શન અને સમજણ પુરી પાડી હતી

વાસન વિદ્યા મંદિરના વિદ્યાર્થીઓનો સાયન્સ સીટી ખાતે શૈક્ષણિક પ્રવાસ

ગાંધીનગર, તા. ૨૦

તા. ૧૭-૨-૨૩ના શુક્રવારના રોજ ગુજરાત સાયન્સ સીટી, અમદાવાદ, ગુજરાત કાઉન્સિલ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર તથા જિલ્લા વિજ્ઞાન કેન્દ્ર નિસર્ગ સાયન્સ સેન્ટરના સહયોગથી અમારી શાળાના ધો. ૯ના વિદ્યાર્થીઓ સાયન્સસીટી, અમદાવાદની નિઃશુલ્ક મુલાકાતે આવ્યા હતા. તેમણે એકવાટીક ગેલેરી, રોબોટિક ગેલેરી તથા ૩-ડી ફિલ્મ નીહાળી હતી. આ મુલાકાત દ્વારા વિદ્યાર્થીઓને વિજ્ઞાન અને ટેકનોલોજી વિષયમાં ઉંડાણપૂર્વક રસ ધરાવીને વૈજ્ઞાનિક અભિગમ સાથે તમામ વિષયવસ્તુને સમજવા પ્રયત્ન કર્યો હતો. આ ઉપરાંત નેચર પાર્ક, પૃથ્વીની ઉત્પતિ તથા રાઈડમાં બેસીને તેમણે સાયન્સ સીટીની મુલાકાત યાદગાર બનાવી હતી.

આ તબક્કે શાળાના આચાર્ય તથા વિજ્ઞાન શિક્ષિકા કિન્નરીબેન મહેતાએ વિદ્યાર્થીઓને વૈજ્ઞાનિક અભિગમ કેળવવા પ્રોત્સાહિત કરવા તેમની સાથે જોડાયા હતા.

ટેલીફોન એક્ષચેન્જની બેટરી ચોરીના ગુનામાં નાસતો ફરતો આરોપી ઝડપાયો

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગરના લવારપુર ગામમાં બીએસએનએલ ટેલીફોન એક્ષચેન્જમાંથી બેટરીઓની ચોરી કરનાર ગેંગના ફરાર આરોપીને ડભોડા પોલીસે ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર જિલ્લાના મોબાઈલ ટાવરો તેમજ ટેલીફોન એક્ષચેન્જમાંથી બેટરી ચોરીની ઘટનાઓ વારંવાર બનતી હોય છે. સાત મહિના અગાઉ લવારપુર ગામમાં બીએસએનએલ ટેલીફોન એક્ષચેન્જના તાળા તોડી ચોર શખ્સો બેટરીઓ ચોરી કરી લઈ ગયા હતા. પોલીસે તપાસ હાથ ધરી બેટરી ચોર શખ્સોને દબોચી લીધા હતા. પરંતુ આ ટોળકીનો એક સભ્ય છેલ્લા સાત માસથી પોલીસની ધરપકડ થી બચવા માટે નાસતો ફરતો હતો. જેથી પોલીસે નાસતા ફરતા આરોપીને પકડવા માટે કવાયત હાથ ધરી હતી. જેને પગલે પોલીસને બાતમી મળી હતી કે બેટરી ચોરીના ગુનામાં નાસતો ફરતો આરોપી ચિલોડા થી અમદાવાદ તરફ જવાનો છે. આ બાતમીને પગલે પોલીસે વોચ ગોઠવી નારાયણ બાલુજી ગુર્જરને પકડી પાડ્યો હતો. પોલીસે નારાયણની પુછપરછ કરતા તેણે મિત્રો સાથે મળી ટેલીફોન એક્ષચેંન્જમાંથી બેટરી ચોરી હોવાની કબુલાત કરી હતી. પોલીસે આરોપીને પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

રાંધેજા ઘર પાસે પાર્ક કરેલી ઈકોના સાયલેન્સરની ચોરી

ગાંધીનગર,તા.૨૦

ગાંધીનગરમાં ઈકોના સાયલેન્સ ચોરી કરતી ટોળકી સક્રિય થઈ હોય તેમ લાગી રહ્યું છે. શહેરમાંથી આંતરે દિવસે ઈકોના સાયલેન્સર ચોરી થાય છે. ચોર શખ્સો બિન્દાસ્ત સાયલેન્સર ચોરી કરી સિફતપૂર્વક નાસી જાય છે. ત્યારે ચોર પોલીસને પડકાર ફેંકતા હોય તેમ લાગે છે. ત્યારે રાંધેજા નાયકવાસમાં ઘરની પાછળ નવેરીમાં પાર્ક કરેલી ઈકોનુ લાયલેન્સર ચોરી થતા પેથાપુર પોલીસ મથકે રૂ.૧૫ હજારની ચોરી અંગે ફરીયાદ નોંધાવી છે

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ રાંધેજા ગામના નાયક વાસ ખાતે રહેતા દિલિપભાઈ નાયક છત્રાલ સ્થિત મેટબીલ્ડ ઈન્ફ્રા શેડ બનાવવાની પ્રા.કંપનીમાં નોકરી કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. જયારે ઘર વપરાશ માટે તેઓ ઈકો કાર રાખે છે.

ગત તા.૧૮ ફેબુઆરીના રોજ ઈકો સાંજના પાંચ વાગ્યાના અરસામાં ઘરની પાછળ નવેરીમાં પાર્ક કરી હતી. જયારે બીજા દિવસે સાવેર દશ વાગે ઈકો ચાલુ કરતા અવાજમાં ફેર લાગતા નીચે ઉતરીને ચેક કર્યું હતું. ત્યારે ઓરીજીનલ સાયેલન્સરની ચોરી થઈ હતી અને તેના સ્થાને જુનુ સાયલેન્સર ફીટ કર્યું હતું.જેથી આસપાસના વિસ્તારમાં સાયલેન્સરની શોધખોળ કરી હોવા છતા મળી આવ્યું ન હતું. આખરે પેથાપુર પોલીસ મથકે રૂ.૧૫ હજારના સાયલેન્સર ચોરી અંગે ફરીયાદ નોંધાવી છે.

પાર્ક કરેલી કારના કાચ તોડી તસ્કરો ૫૪ હજારની મત્તા ચોરી ગયા

તપોવન સર્કલ જતા માર્ગ પર એક કાફેના પાર્કીંગમાંથી ચોર શખ્સોએ કારનો કાચ તોડી રૂ. ૪૦ હજાર રોકડા તેમજ જરૂરી દસ્તાવેજો મળી રૂ. ૫૪ હજારની મત્તાની ચોરી કરી નાસી ગયા

ગાંધીનગર,તા.૨૦

ગાંધીનગરના ઝુંડાલ ગામની સીમ ત્રાગડ ટોલટેક્ષથી તપોવન સર્કલ જતા માર્ગ પર ધ બન્ચ કાફેના પાર્કિંગમાં પાર્ક કરેલી કારના કાચ તોડી ચોર શખ્સો રૂ.૪૦ હજાર રોકડા તેમજ જરૂરી દસ્તાવેજો મળીને કુલ રૂ.૫૪ હજારની મત્તાની ચોરી કરી નાસી ગયા છે. જયારે બનાવ અંગે અડાલજ પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ શહેરી વિસ્તારમાં જાહેર સ્થળો પર પાર્ક કરેલી કારના કાચ તોડી લેપટોપ, બેગ, રોકડ સહિત કિંમતી ચીજવસ્તુઓની ચોરી કરી ચોર શખ્સો પલાયન થઈ જતા પોલીસ મથકે ફરીયાદ પણ નોંધાય છે.ત્યારે ગઈકાલે અમદાવાદ ચાંદખેડા રહેતો કમલ જયસિંહ પરમાર પુણેની એ.બી.કે.ઈમ્પોર્ટ્સ પ્રા.લિમીટેડ કંપનીમાં સિનિયર સેલ્સ એકઝીકયુટીવ તરીકે ફરજ બજાવે છે. ગઈકાલે સાડા આઠ વાગે તેની કંપનીના સર્વિસ મેનેજર સમીરભાઈ જોશી સાથે થલતેજ ખાતે આવેલ સ્નેહ પેટ કલીનીકથી કંપનીનું કામ પુરુ કરી હોન્ડા એમેજ ગાડી લઈને એસીપી રીંગરોડ પાસે ત્રાગડ ટોલટેક્ષ તપોવન સર્કલ નજીક આવેલા ધ બન્ચ કાફેમાં જમવા માટે ગયા હતા.

જમ્યા બાદ પરત ગાડી પાસે આવતા જોયુ તો ગાડીનો ખાલી સાઈડનો પાછળનો કાચ તુટેલી હાલતમાં હતો. કમલે ગાડી ચેક કરતા બે બેગ ગાયબ હતી.જેમાં કંપનીના પ્રોડકટના રૂ.૪૦ હજાર તેમજ,કંપનીના ડોકયુમેન્ટ, આઈકાર્ડ, ચુંટણી કાર્ડ, ડાયરી, મોબાઈલ ચાર્જર તેમજ કપડા,ટુલકીટ સહિત રૂ.૫૪ હજારના મુદ્દામાલની ચોરી થવા પામી છે. કાફેના સીસીટીવી ચેક કરતા ચાર શખ્સો બે એકટીવા પર આવ્યા હતા અને ગાડીની આસપાસ શંકાસ્પદ પ્રવૃતિ કરતા નજરે પડે છે. જે પૈકીના એક શખ્સે કારનો કાચ તોડી બે બેગ એકટીવા પર મુકી નાસી ગયા હતા. બનાવ અંગે અડાલજ પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

ચંન્દ્રાલા ખાતે ૪૨/૮૪ કડવા પાટીદાર સમાજ દ્વારા લક્ષ્મીબા સભાખંડનું ઉદ્ઘાટન

૨૮મા અધિવેશનમાં સમાજના આગેવાનો અને સમાજના જ્ઞાતિબંધુઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા

ચિલોડા, તા. ૨૦

ગાંધીનગર તાલુકાના ચંન્દ્રાલા સ્થિત સી.કે. પટેલ વિદ્યા સંકુલ ખાતે ૪૨/૮૪ કડવા પાટીદાર સમાજ દ્વારા નવનિર્મિત લક્ષ્મીબા સભાખંડ ઉદ્ઘાટન સમારોહના અધ્યક્ષ અને દસક્રોઈ વિધાનસભાના ધારાસભ્ય બાબુભાઈ પટેલ, અમદાવાદ પૂર્વના સાંસદ હસમુખભાઈ પટેલ, સાબરકંઠાના સાંસદ દિપસિંહ રાઠોડ, ધારાસભ્ય ઉત્તર ગાંધીનગર રીટાબેન પટેલ, દક્ષિણ વિધાનસભાના ધારાસભ્ય અલ્પેશજી ઠાકોર, મેયર હિતેશ મકવાણા, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન જસવંતભાઈ પટેલ, જિલ્લા પંચાયતના પ્રમુખ દિલિપભાઈ પટેલ, સમાજના પ્રમુખ અશોકભાઈ પટેલ, સહકારી આગેવાન કોદરભાઈ પટેલ, સમાજના અગ્રણી અને સમાજના ભાઈ બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

બપોરે ૨.૩૦ વાગે ૨૮મા અધિવેશનમાં શિક્ષણ, વેપાર, ઉદ્યોગ, ઉચ્ચ અભ્યાસ, વિદેશ જતા વિદ્યાર્થીઓને માર્ગદર્શન, મહિલા શિક્ષણ-જાગૃતિ, ખેડૂતોને આધુનિક પ્રાકૃતિક ખેતી અંગે સેમિનાર કરવા અંગે વિસ્તૃત ચર્ચા-વિચારણા કરવામાં આવી.

ગુજરાત રાજ્ય ભારત સ્કાઉટ ગાઈડ સંઘમાં નિમણુંક

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર જિલ્લા ભારત સ્કાઉટ ગાઈડ સંઘના કાર્યકરોને ગુજરાત રાજ્ય ભારત સ્કાઉટ ગાઈડ સંઘમાં મહત્વના હોદ્દા આપવામાં આવ્યા.

ગાંધીનગર જિલ્લા સંઘના ચીફ કમિશનર રતીલાલ સી. જોષીને મ. રાજ્ય કમિશનર (સ્કાઉટ) જિલ્લામંત્રી શ્રીમતી અંજનાબેન ચૌધરીને રાજ્ય કમિશનર (ગાઈડ) અને જિલ્લા કમિશનર હેડ ક્વાર્ટર (ગાઈડ) શ્રીમતી એકતાસીંગને રાજ્ય આયોજક કમિશનર ગાઈડ તરીકે નિમણુંક થતાં જિલ્લા સંઘના કાર્યકરોમાં ઉત્સાહની લાગણી રેલાઈ છે. જેથી પ્રવૃત્તિને વધુ વેગ મળશે.

ગાંધીનગર રણાસણ પાસે બાઈક સ્લીપ ખાઈ જતા ઈજાગ્રસ્ત યુવકનું સારવાર દરમિયાન મૃત્યુ

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગરના રણાસણ ગામની સીમ ઈન્દીરાનગર રોડ ઉપર અચાનક પસાર થઈ રહેલ બાઈક સ્લીપ ખાઈ જતા ઝાડ સાથે ટકરાયું હતું. જેમાં બાઈક ચાલક યુવકને શરીરે અને માથામાં-કપાળના ભાગે ગંભીર ઈજા પહોંચતા સારવાર દરમિયાન મૃત્યુ નિપજયું હતું. બનાવ અંગે પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ શંખલપુરા રણાસણ ગામ ખાતે રહેતા હર્ષદકુમાર દિનેશજી સોલંકી (ઉં.૨૬) ડ્રાઈવીંગ કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. જયારે તેના પિતા સાત વર્ષ અગાઉ અવસાન પામ્યા છે. હાલ માતા મેનાબેન તેમજ ત્રણ ભાઈ એક બહેન છે. જેમાં સૌથી મોટા હર્ષદભાઈ ત્યારબાદ બહેન અનિતા,વિરેન્દ્ર અને સૌથી નાનો ભાઈ સંજય હતો. ગત તા.૧૨ ફેબુઆરીના રોજ રાત્રીના સાડા દશ થી અગીયાર વાગ્યાના સમયમાં ગામમાં ગરબા હોવાથી પરિવારના સભ્યો જાગતા હતા.તે સમયે સંજય કૌંટુબીક કાકાના દિકરા સંજય સિધ્ધરાજસિંહ સોલંકીનું હોન્ડા સાઈન બાઈક નં. જી.જે.૧૮.સી.એસ.-૮૩૯૬ લઈ ગામમાં પાન મસાલા લેવાનું કહી નીકળ્યા હતા. ત્યારે થોડીવાર પછી જાણવા મળ્યું કે મારો નાનો ભાઈ સંજય બાઈક લઈને જઈ રહ્યો હતો તે સમયે રણાસણ ઈન્દીરાનગર ખાતે બાઈક સ્લીપ ખાઈ જતા અકસ્માત થયો હતો. જેથી પરિવાર સભ્યો અકસ્માત સ્થળે પહોંચ્યા હતા. તે સમયે સંજય રોડની સાઈડમાં ઝાડ સાથે ટકરાઈને પડ્યો હતો. સંજયને હાથે પગે ઈજા પહોંચી હોવાથી લોહી વહી રહ્યું હતું. જેથી ૧૦૮ બોલાવી તાત્કાલીક સારવાર માટે અમદાવાદ સીવીલ લઈ ગયા હતા. જયારે આઈસીયુ વોર્ડમાં સારવાર ચાલી રહી હતી. ત્યાર આજે સવારે પાંચ વાગે યુવકનું સારવાર દરમિયાન મૃત્યું નિપજયું હતું.

સ.પ્રા. શાળા જી.ઈ.બી. કોલોની ખાતેથી શૈક્ષણિક પ્રવાસનું આયોજન

ગાંધીનગર, તા. ૨૦

શૈક્ષણિક પ્રવાસમાં પાટણની રાણીની વાવ, હેરીટેજ પટોળા હાઉસ, મોઢેરા સૂર્યમંદિર અને રીજીયોનલ સાયન્સ મ્યુઝીયમ પાટણ ખાતે મુલાકાત લેવડાવવામાં આવી હતી.

સાયન્સ મ્યુઝીયમમાં ડાયનાસોર રાઈડ, ૫-ડી મુવી, થ્રીડી મૂવી અને વૈજ્ઞાનિક માહિતી મેળવતા તમામ વિભાગોનું નિદર્શન કરાવવામાં આવ્યું હતું. વિશાલભાઈ, પ્રતિકભાઈ જાની અને જીજ્ઞેશભાઈ મોદીએ સુંદર આયોજન કરેલ હતુ.

બાળકોને નાસ્તો, જમણવાર અને સાંજનો નાસ્તો પણ તેમના તરફથી કરાવવામાં આવ્યો હતો. બાળકોએ ખૂબ આનંદપૂર્વક આ શૈક્ષણિક પ્રવાસની મજા માણી હતી. શાળાના આચાર્ય દિમીબેન વસાવડાએ સોશ્યલ એક્ટીવીટી ગ્રુપનો વિશાલભાઈ પટેલનો આભાર વ્યક્ત કર્યો હતો.

ગાંધીનગર શહેર પેન્શનર સમાજે ૭૫ વર્ષ પૂરા કરનાર સભ્યોનું સન્માન કર્યું

ગાંધીનગર, તા. ૨૦

તા. ૧૯-૨-૨૩ના રોજ ગાંધીનગર શહેર પેન્શનર સમાજ દ્વારા વર્ષ-૨૦-૨૧-૨૨માં અમૃત વર્ષ પુરૂ કરનારા ૭૫ વર્ષના વયસ્કોનો સન્માન સમારંભ યોજવામાં આવ્યો હતો. જેમાં મુખ્ય મહેમાન તરીકે નાજાભાઈ ધાંધર હાજર રહ્યા હતા.

શહેર પેન્શનર સમાજના પ્રમુખ સૂર્યકાંત બારોટે મુખ્ય મહેમાનને પુષ્પગુચ્છ અર્પણ કરી સન્માન કર્યુ હતુ. પેન્શનર સમાજમાં લગભગ ૬ હજાર જેટલા સભ્યો છે.

આ પ્રસંગે મુખ્ય મહેમાન નાજાભાઈએ વયસ્કોને શાલ અને સન્માનપત્ર આપ્યું હતું.

આ કાર્યક્રમમાં પેન્શનર સમાજના મોટા પ્રમાણમાં સભ્યો સહપરિવાર હાજર રહ્યા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા પ્રમુખની આગેવાની નીચે પેનશનર સમાજના પદાધિકારીઓ અને કારોબારી સભ્યોએ ભારે જહેમત ઉઠાવી હતી. કાર્યક્રમના અંતે સુમનભાઈ શાહે આભારવિધિ કરતા સૌનો આભાર માન્યો હતો.

સેક્ટર-૪-એ માં હાલમાં વરસાદી પાણીના નિકાલ માટેની પાઈપલાઈન નાંખવાની કામગીરી ચાલી રહી છે. વોર્ડ નં. ૮ના કોર્પોરેટર આર.આર. પટેલે સ્થળ પર ઉપસ્થિત રહી વસાહતીઓને પડતી મુશ્કેલીઓ અને રજૂઆતો સાંભળી હતી અને તેને દૂર કરવાના ઉપાયો સૂચવ્યા હતા.